રાજયની આવાસ યોજનાઓ હેઠળ ૧૭ થી ૨૦ ગુણાંકવાળા આવાસ વિહોણા બી.પી.એલ. કુટુંબોને આવાસ બાંધકામ સહાયની યોજના.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : એસીએસ/૧૦૨૦૧૨/૧૦૧૧૨૩/આવાસયોજના/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨/૪/૨૦૧૨

વંચાણે લીધું :–

૧. પં.ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિભાગનો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૮/૮૧૯/લ, તા.૨/૩/૨૦૦૯
૨. પં.ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિભાગનો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૮/૮૧૯/લ, તા.૧૧/૮/૨૦૧૦
૩. પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રા. વિ. વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૮/૧૭૬/લ, તા.૩૧/૧/૨૦૧૧.
૪. પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રા. વિ. વિભાગના ઠરાવ ક્રમાંક- પરચ-૧૦૨૦૦૯-૮૧૯-લ તા.૩૦-૦૬-૨૦૧૧

પ્રસ્તાવના:-

રાજયના ગ્રામીણ વિસ્તારોમાં વસતા ૦ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે રાજય સરકાર પ્રતિબધ્ધ છે. અને તે માટે રાજય સરકારે વિવિધ પ્રકારની આવાસ યોજનાઓ અમલમાં મુકેલ છે. આવી યોજનાઓ હેઠળ, ગ્રામીણ વિસ્તારોમાં વસતા અતિ ગરીબ બી.પી.એલ. કુટુંબોને મકાનની સુવિધા પુરી પાડવામાં આવે છે. આવી યોજનાઓ હેઠળ વાસ્તવમાં જે લોકો આવાસનો લાભ મળવાપાત્ર બી.પી.એલ. કુટુંબો છે, તેવા લોકોને આવાસનો લાભ પુરો પાડવાની રાજય સરકારની નેમ છે.

વંચાણે લીધેલ-૧. માં જણાવેલ ઠરાવથી જુદા જુદા વિભાગો હેઠળની રાજયની બી.પી.એલ. કુટુંબો માટે આવાસ યોજનાની યુનિટ કોસ્ટ એકસરખી રાખવા તથા કલસ્ટર અભિગમથી આવાસનું બાંધકામ કરવા ઠરાવવામાં આવેલ હતું. ઉપરોકત ઠરાવની જોગવાઇ ક્રમાંક:બ(૩) માં નકકી થયા મુજબ દરેક વિભાગ ધ્વારા લાભાર્થીઓની પસંદગી ફકત ગ્રામીણ વિકાસ વિભાગ ધ્વારા બનાવેલ અને વખતોવખત પ્રસિધ્ધ થતી બી.પી.એલ. યાદી માંથી કરવાની જોગવાઇ કરવામાં આવી હતી. ઉપરોકત યાદી પૈકી ન્યુનતમ સ્કોરને પ્રથમ અગ્રતા આપી ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બી.પી.એલ. લાભાર્થીઓને પસંદ કરવા તથા

ત્યારબાદ ૧૭ થી ૨૦ ગુણાંકવાળા લાભાર્થીઓનો સમાવેશ કરવાની જોગવાઇ કરવામાં આવી હતી. અગરીયા આવાસ યોજના, માછીમાર આવાસ યોજના તથા સફાઇ કામદાર આવાસ યોજના માટે જે તે વિભાગની ચાલુ કાર્યપધ્ધતિ ચાલુ રાખવાની તેમજ તેમાં બી.પી.એલની લાભાર્થીઓને અગ્રતા આપવાનું ઠરાવવામાં આવેલ હતું.

રાજય સરકારના સઘન પ્રયાસોથી ગ્રામ વિકાસ વિભાગ ધ્વારા તા. ૦૧-૦૧-૨૦૦૬ના રોજની બનાવવામાં આવેલ બી.પી.એલ યાદી પૈકીના ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા મોટાભાગના લાભાર્થીઓને રાજય સરકાર તરફથી આવાસની સુવિધા પ્રાપ્ત કરવામાં આવેલ છે. હવે સદર યાદીના ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા લાભાર્થીઓની સંખ્યા ખુબ જ મર્યાદિત રહેલ છે.

ઠરાવ:-

(૧) કાળજીપૂર્વકની વિચારણાને અંતે વંચાણમાં લીધેલ-૧ માં દર્શાવેલ ઠરાવમાં જે જે યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે તેમાં અગરીયા આવાસ યોજના, માછીમાર આવાસ યોજના તથા સફાઇ કામદાર આવાસ યોજના સિવાયની યોજનાઓ પૈકી ઇન્દિરા આવાસ યોજનામાં હવે પછી લાભાર્થી ગ્રુપ તરીકે ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બી.પી.એલ. કુટુંબોને રાખવા માટે આથી ઠરાવવામાં આવે છે.

(૨) રાજય સરકારના પોતાના સ્ત્રોતોમાંથી ઉપરોકત (૧) માં દર્શાવેલ સિવાયની તમામ રાજય પુરસ્કૃત આવાસ યોજનાઓ જેવી કે સરદાર આવાસ યોજના, ડો. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ યોજના, અનુસૂચિત જનજાતિના ઇસમોને વ્યકિતગત ધોરણે આવાસ યોજના, અનુસૂચિત જનજાતિના આદિમ જુથના લોકો માટે વ્યકિતગત ધોરણે આવાસ યોજના, હળપતિ ગૃહનિર્માણ યોજના વગેરે માટે લાભાર્થી ગ્રુપ હવે પછી બી.પી.એલ. ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા કુટુંબોને રાખવા આથી ઠરાવવામાં આવે છે.

ઉકત યોજનાઓની સાથોસાથ રાજય સરકાર ધ્વારા અગાઉ સ્વર્ણિમ કોલોની બનાવેલ તે પ્રમાણે દરેક કલસ્ટરને તેના યુનિટોની સંખ્યાના પ્રમાણમાં સેવાઓ પુરી પાડવા અંગે વિચારણા કરવી જેમ કે (અ) ૨૫ આવાસના યુનિટને ન્યુનતમ વીજળી, અને પાણી અચૂક ઉપલબ્ધ

કરાવવું (બ) ૨૫ આવાસના યુનિટોની સ્વર્ણિમ કોલોનીને વીજળી, પાણી, અને આવાસના આંતરીક રસ્તાની સુવિધા મળી રહે તે અંગે વિચારણા કરવી (ક) ૫૦ યુનિટના આવાસ માટે વીજળી, પાણી, રસ્તા તથા આંગણવાડીની સુવિધા મળી રહે તે અંગે વિચારણા કરવી.

(ડ) જ્યારે ૧૦૦ આવાસના યુનિટ માટે વીજળી, પાણી, આંતરીક રસ્તા, આંગણવાડી, સ્ટ્રીટલાઇટ અને પ્રાથમિક શાળા (ધોરણ ૧ થી ૪ સુધીની) સુવિધાઓ મળી રહે તે અંગે વિચારણા કરવી.

આ ઠરાવનો અમલ તા. ૦૧-૦૪-૨૦૧૨ થી કરવાનો રહેશે. અન્ય બાબતો માટે વંચાણે લીધેલ. (૧) થી (૪) ના ઠરાવ મુજબની શરતો યથાવત રહેશે. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨-૦૪-૨૦૧૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(આઈ.એમ.શેખ)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રી, રા.ક.મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- કમિશ્નર વ સચિવશ્રી, ગ્રામ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત)
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગાંધીનગર
- સર્વે શાખાઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ